Entry (342) 15

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,


જલસેવા ભવન, છ રોડ, એરફોર્સ સામે, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.

ટેલીફોન નં. ૯૧-૨૭૧૨-૨૨૪૨૩, ૨૨૪૧૭ ફેક્સ - ૯૧-૨૭૧૨-૨૯૦૭૯


નં : મુ.ઇ.(યાં)/

તા.

## પરિપત્ર

વિષય : ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની બિન ઉપયોગી સાધન સામગ્રીનો નિકાલ કરવા બાબત.

સંદર્ભ : બોર્ડ કચેરી ઠરાવ ક્રમાંક : મુ.ઇ. (યાં) / ૧૦૮૮ / મશીનરી /સી-૭ / ૭૬૮૧ તા.૨૦/૧૨/૮૮ તેમજ પરિપત્ર / મુઇ.(યાં)/-૩૭૦ તા.૧૭/૨/૮૯ તેમજ મુ.ઇ.(યાં) ૧૦૮૯ /પરિપત્ર / ૧૫૮૬ તા.૩૧/૭/૮૯

છેલ્લા કેટલાક વર્ષોથી બિન ઉપયોગી મશીનરીની સંખ્યા વધતી રહી છે. તેમજ હાલમાં ૪ (ચાર) યાંત્રિક વર્તુળ કાર્યરત હોવાથી આ મશીનરીની તાત્કાલિક નિકાલ કરવા માટે બોર્ડના ઉપરોક્ત સંદર્ભ ઠરાવમાં અંશતઃ સુધાસે નીચે મુજબ કરવામાં આવે છે.

૨: બિન ઉપયોગી સાધન સામગ્રીનું નિરીક્ષણ કરી તળિયાની કિંમત નક્કી કરી રદબાતલ પ્રમાણપત્ર આપવા બાબત.

૩(ખ) અને ૩(ગ)માં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે.

૩(ખ)(૧) જા.આ.યાં.વર્તુળ, વડોદરા હેઠળના યાંત્રિક વિભાગોની મશીનરી માટેની કમીટી નીચે પ્રમાણેની રહેશે. મશીનરીની જે વર્તુળ કચેરીમાં હોય તેના અધિક્ષક ઇજનેરશ્રી (યાં) તેમજ કાર્યપાલક ઇજનેર (યાં) તથા અધિક્ષક ઇજનેર(યાં) જા.આ.યાં. વર્તુળ, અમદાવાદ. આ કમિટિના અધ્યક્ષ તરીકે અમદાવાદ યાંત્રિક વર્તુળના અધિક્ષક ઇજનેરશ્રી રહેશે. અને રદબાતલ પ્રમાણપત્ર તેઓની કચેરીમાંથી આપવાનુ રહેશે.

૩(ખ)(૨) જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, રાજકોટ હેઠળની યાંત્રિક વિભાગની મશીનરી માટેની કમિટિ નીચે પ્રમાણે રહેશે.

મશીનરીના જે વર્તુળ કચેરીની તળે હોય તેના અધિક્ષક ઇજનેરશ્રી (યાં) તથા કાર્યપાલક ઇજનેરશ્રી (યાં) તથા અધિક્ષક ઇજનેરશ્રી, જા.આ.યાં. વર્તુળ, ગાંધીનગર આ કમિટિના અધ્યક્ષ તરીકે ગાંધીનગર યાંત્રિક વર્તુળના અધિક્ષક ઇજનેરશ્રી રહેશે. અને રદબાતલ પ્રમાણપત્ર તેઓની કચેરીમાંથી આપવાનું રહેશે.

32

342

૩(ગ)(૧) જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, અમદાવાદ હેઠળના યાંત્રિક વિભાગની મશીનરી માટેની કમિટિ નીચે પ્રમાણેની રહેશે.

મશીનરીના જે વર્તુળ કચેરીના તળે હોય તેના અધિક્ષક ઈજનેરશ્રી (યાં) તથા કાર્યપાલક ઈજનેરશ્રી (યાં) તથા અધિક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, રાજકોટ.

આ કમિટિના અધ્યક્ષ તરીકે રાજકોટ યાંત્રિક વર્તુળના અધિક્ષક ઈજનેરશ્રી રહેશે અને રદબાતલ પ્રમાણપત્ર તેઓની કચેરીમાંથી આપવાનું રહેશે.

૩(ગ)(૨) જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, ગાંધીનગર હેઠળના યાંત્રિક વિભાગની મશીનરી માટેની કમિટિ નીચે પ્રમાણેની રહેશે.

મશીનરીના જે વર્તુળ કચેરીના તળે હોય તેના અધિક્ષક ઈજનેર (યાં) તથા કાર્યપાલક ઈજનેરશ્રી (યાં) તથા અધિક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, વડોદરા.

આ કમિટિના અધ્યક્ષ તરીકે વડોદરા યાંત્રિક વર્તુળના અધિક્ષક ઈજનેરશ્રી રહેશે અને રદબાતલ પ્રમાણપત્ર તેઓની કચેરીમાંથી આપવાનું રહેશે.

અન્ય વિગતો તેમજ શરતો યથાવત રહેશે.

(બી. ટી. પટેલ)
મુખ્ય ઈજનેર (યાં)

નકલ સાદર રવાના પ્રતિ :-

- ચેરમેનશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.

નકલ શુભેચ્છાસહ રવાના પ્રતિ :-

- નાણાંકીય નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય ઈજનેરશ્રી, ઝોન-૧, ૨, ૩, ૪

નકલ રવાના પ્રતિ :-

- અધિક્ષક ઈજનેરશ્રી, (યાંત્રિ / સિવીલ) સર્વે
- કાર્યપાલક ઈજનેરશ્રી, (યાંત્રિ / સિવીલ) સર્વે.